# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **રાજ્ય સરકાર દ્વારા ભારે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓ માટે 11 લાખ કરતાં વધુ ખેડૂતોને બે હજાર 430 કરોડ કરતાં વધુની સહાય ચૂકવાઇ.**
2. **રાજયમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હેઠળ ગણતરીના તબક્કાનો આજે છેલ્લો દિવસ, 27 જિલ્લામાં 100 ટકા કામગીરી પૂર્ણ.**
3. **રાજ્યમાં આજથી 23 ડિસેમ્બર સુધી યોજાનાર "સશક્ત નારી મેળા"નો પ્રારંભ થશે.**
4. **જસદણમાં બાળકી સાથે દુષ્કર્મ આચરનાર આરોપીએ પોલીસ કોન્સ્ટેબલ ઉપર હુમલો કરીને ભાગવાનો પ્રયાસ કરતાં પોલીસે ગોળી મારી**
5. **કચ્છના જખૌ નજીક ભારતીય દરિયાઈ સરહદમાંથી 11 પાકિસ્તાની માછીમાર ઘૂસણખોરો ઝડપાયાં**
6. **દિવાળી'ને યુનેસ્કો દ્વારા 'અમૂર્ત સાંસ્કૃતિક વારસા'ની પ્રતિષ્ઠિત યાદીમાં સામેલ કરતાં રાજ્યના 33 જિલ્લાના વિવિધ ઐતિહાસિક સ્મારકો ઝળહળ્યાં .**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# FARMERES SAHAY JITU WAGHANI

રાજ્ય સરકાર દ્વારા ભારે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓ માટે 11 લાખ કરતાં વધુ ખેડૂતોને બે હજાર 430 કરોડ કરતાં વધુની સહાય સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે. સહાય પૂરી પાડવા માટે કુલ ત્રણ હજાર 320 કરોડ કરતાં વધુના ઓનલાઇન બીલો તૈયાર કરવામાં આવ્યા છે.

પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે , સહા મેળવવા 30 લાખ 71 હજાર કરતા વધુ ખેડુતોએ ઓનલાઈન અરજી કરી છે. જેમાં કુલ 20 લાખ 81 હજાર અરજીઓ મંજુર કરવામાં આવી છે.

## બાઇટ- જીતુ વાઘાણી, પ્રવક્તા મંત્રી

રાજ્યમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ચાલી રહેલ ખરીદી અંતર્ગત 3 લાખ 79 હજાર કરતા વધુ ખેડૂતો પાસેથી છ હજાર 49 કરોડ કરતાં વધુના મૂલ્યની 8 લાખ 41 હજાર કરતાં વધુ મેટ્રીક ટન મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી પૂર્ણ કરવામાં આવી છે અને એક લાખ 47 હજાર કરતાં વધુ ખેડૂતોને બે હજાર 376 કરોડથી વધુની ચૂકવણી થઈ છે.

---

# SIR

આજે મતદારા સુધારણા અભિયાન અંતર્ગત ગણતરી ફોર્મ ભરવાના છેલ્લો દિવસ છે. રાજયમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હેઠળ ગણતરીના તબક્કાની 99.99 ટકા કામગીરી પૂર્ણ થઈ છે. જ્યારે 27 જિલ્લાએ 100

ટકા કામગીરી પૂર્ણ કરી છે. ગણતરીના તબક્કાના છેલ્લા ચરણમાં 18 લાખથી વધુ અવસાન પામેલ મતદારો જ્યારે 10.26 લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા. સાથે 40.44 લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે.

દરમ્યાન અમદાવાદ જિલ્લામાં 99.93 ટકા મતદારોના ફોર્મની ડિજિટાઇઝેશનની કામગીરી પૂર્ણ થઇ ગઇ છે. તેમ જિલ્લા ચૂંટણી અધિકારી સૂજીત કુમારે કહ્યું હતું.

## બાઇટ- સુજીતકુમાર, કલેક્ટર , અમદાવાદ

બીજી તરફ જામનગર જિલ્લા કલેક્ટરે શ્રેષ્ઠ કામગીરી કરનાર **BLO**ની કામગીરીને બિરદાવી હતી.

---

## MEDICAL STORE CHECKING

રાજ્યમાં તબીબોની પ્રિસ્ક્રિપ્શન વિના કફ સિરપનું ધૂમ વેચાણ થઈ રહ્યું હોવાની મળેલી માહિતાના પગલે અમદાવાદના ઘાટલોડિયા, સેટેલાઈટ, વેજલપુર અને પ્રહલાદનગર વિસ્તારમાં આવેલા 8 મેડિકલ સ્ટોર્સ પર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તપાસ કરાઈ હતી. જે પૈકી પાંચ મેડિકલ સ્ટોર્સમાં રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટની ગેરહાજરીમાં કફ સીરપ દવાનું વેચાણ કરાતું હતું.

બાકીના અન્ય 3 મેડિકલ સ્ટોર્સ પૈકી 2 મેડિકલ સ્ટોર્સ ખાતે રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટ હાજર હતા અને કફ સીરપનું વેચાણ કરતાં હતા. જ્યારે બાકીના એક મેડિકલ સ્ટોર્સ તપાસ સમયે બંધ માલૂમ પડ્યું હતું.

**આથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા આ તમામ આઠ મેડિકલ સ્ટોર્સને કારણદર્શક નોટીસ આપીને તાત્કાલિક ખુલાસો કરવા જણાવાયું છે. મેડિકલ સ્ટોર્સના ખુલાસા આવ્યા બાદ તંત્ર દ્વારા નિયમોનુસાર કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.**

---

# SASHAKT NARI MELO

રાજ્યમાં આજથી 23 ડિસેમ્બર સુધી યોજાનાર "સશક્ત નારી મેળા"નોપ્રારંભ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલઆજે બનાસકાંઠાના પાલનપુર ખાતેથી “સશક્ત નારી મેળા”નો રાજ્યવ્યાપી શુભારંભ કરાવશે.તે અંતર્ગત દરેક જિલ્લામાં યોજાનાર જિલ્લા સ્તરીય મેળામાં મહિલાઓના યોગદાનને ઉજાગર કરવામાં આવશે. સાંભળીએ એક અહેવાલ..

**(વોઇસ કાસ્ટ : હિના મોદી)**

*(સશક્ત નારી મેળા અંતર્ગતદરેક મોટા જિલ્લાઓમાં 100 પ્રદર્શન સ્ટોલ અને નાના જિલ્લાઓમાં 50 પ્રદર્શન સ્ટોલનું આયોજન કરાશે.રાજ્ય સરકારની આ પહેલ મહિલાઓના યોગદાનને પ્રદર્શિત કરશે અને તેમના પ્રયાસોને યોગ્ય મંચપૂરૂં પાડશે. આ મેળા થકી મહિલા ઉદ્યોગ સાહસિકો, લખપતિ દીદી , ડ્રોન દીદી , સ્વ-સહાય જૂથો , મહિલા ખેડૂતોને સહકારી સંસ્થાઓ, સાહસ અને વ્યાવસાયિકો દ્વારા પાયાના સ્તરે લાવવામાં આવી રહેલા પરિવર્તનને પ્રોત્સાહન અપાશે. આ મેળો આર્થિક ભાગીદારીને વેગ આપશે અને રાજ્યની લાખો મહિલાઓ માટે પ્રેરણા સ્ત્રોત બનશે.*

*હિના મોદી – પ્રાદેશિક સમાચાર વિભાગ અમદાવાદ*

---

## BLUE HARBOR MODEL - KUTCH

મત્સ્ય ગતિવિધિને વેગ આપવા કેન્દ્ર સરકાર દ્વારા જખૌ બંદરને રાજ્યમાં પ્રથમ સ્માર્ટ બ્લુ હાર્બર મોડલ તરીકે વિકસીત કરાશે.જેમાં 100 કરોડથી વધુનો ખર્ચ થશે. કચ્છમાં મત્સ્ય ગતિવિધિને ટેકનોલોજી આધારીત વિકાસની દિશામાં લઈ જવા આ પ્રયાસ કરાઈ રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે , ભારત સરકારે દરિયાકાંઠા આધારિત વિકાસને ગતિ આપવા માટે કેન્દ્રીય મત્સ્યઉદ્યોગ વિભાગ , મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય અને સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન વચ્ચે ટેકનિકલ સહકાર કાર્યક્રમ શરૂ કરાયો છે.

---

## PRADYUMAN VAJHA - - I-HUB VISIT

શિક્ષણ મંત્રી ડૉ .પ્રદ્યુમ્ન વાજાએ અમદાવાદમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઇનોવેશન હબ - **I-HUB**ની મુલાકાત લઈ યુવા ઉદ્યોગ સાહસિકો સાથે સંવાદ કર્યો હતો.

તેમણે ઉદ્યોગ સાહસિકો માટે ઉપલબ્ધ કાર્યસ્થળની મુલાકાત લઈને સંરક્ષણ , શિક્ષણ, કૃષિ અને રમત ગમત સહિતના ક્ષેત્રના ઉદ્યોગ સાહસિકો ને મળી,તેમના અનુભવો અંગે જાણકારી મેળવી હતી.

આ પ્રસંગે ઉચ્ચ શિક્ષણ રાજ્ય મંત્રી ત્રિકમભાઈ છાંગા પણ ઉપસ્થિતિ રહ્યા હતા.

---

# NOBEL PRIZE MUSEUM

બનાસકાંઠામાં રાજ્યના પ્રથમ નોબેલ પારિતોષિક પ્રદર્શનનું આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉદ્દઘાટન કરશે. બાળકોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવવા બનાસકાંઠા વહીવટી તંત્રની પહેલ અંતર્ગત 14 સ્થળોએ પ્રદર્શનનું આયોજન કરાશે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી)

*(આ અભિયાન હેઠળ બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લાના કુલ 14 સ્થળોએ મોબાઈલ વાન દ્વારા નોબેલ પારિતોષિક પ્રદર્શન યોજાશે , જેમાં બાળકોને વૈજ્ઞાનિક શોધો , નોબેલ વિજેતાઓ તથા તેમની યાત્રા વિશે પ્રેરણાત્મક જાણકારી મળશે. તે ઉપરાંત જિલ્લા સ્તરે વિશેષ સ્પર્ધાઓનું આયોજન પણ કરાયું છે , જેમાં ધોરણ 9 થી 12ના વિદ્યાર્થીઓમાંથી એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થિનીને પસંદ કરી નોબેલ પારિતોષિક સંગ્રહાલય , સ્વીડનની મુલાકાતની તક મળશે અને અન્ય પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામો પણ અપાશે.*

*મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ )*

---

# RAJKOT ENCOUTNER

**રાજકોટના જસદણના આટકોટમાં એક બાળકી પર ક્રુરતા સાથે દુષ્કર્મ આચરનારા આરોપીએ પોલીસ ઉપર ઘાતકી હુમલો કરતાં તેને પોલીસે ગોળી મારી હતી. આરોપીને અદાલતમાં રજૂ કરાયા બાદ તેણે જાપ્તાના કોન્સ્ટેબલ પર ઘાતકી હુમલો કરીને ભાગવાની પ્રયાસ કરી હોવાનું રાજકોટના જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે કહ્યુ હતું.**

**બાઇટ- વિજયસિંહ ગુર્જર**

---

# FOOD POISIONING

અમદાવાદના ધોળકાના પોપટ પરા ખાતે ખોરાકી ઝેરની અસર થતા 100થી વધુ લોકોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા. એક લગ્ન સમારંભમાં જમણવાર બાદ મોટી સંખ્યામાં લોકોને ઝાડા ઉલટીઓ થતાં તાત્કાલિક લોકોને સારવાર માટે આસપાસની હોસ્પિટલોમાં ખસેડાયા હતા.

---

# KATCH - FISHERMEN INTRUDERS

કચ્છના જખૌ નજીક ભારતીય દરિયાઈ સરહદમાંથી 11 પાકિસ્તાની માછીમાર ઘૂસણખોરોને ઝડપી પાડ્યા છે. તટરક્ષકે અલ વલી ’ નામની બોટ સાથે માછીમારોની કરી ધરપકડ છે. આ ઘૂસણખોરોને બોટ સાથે જખૌ બંદરે લાવી તપાસ શરૂ કરી કરવામાં આવી છે. પ્રથમિક તપાસમાં 11 પૈકી એક સગીર હોવાનું સામે આવ્યું છે. જેમને વધુ તપાસ માટે જખૌ મરીન પોલીસને સુપ્રત કરાશે.

---

# 'DIWALI' INTANGIBLE CULTURAL HERITAGE

'દિવાળી'ને યુનેસ્કો દ્વારા 'અમૂર્ત સાંસ્કૃતિક વારસા 'ની પ્રતિષ્ઠિત યાદીમાં સામેલ કરાયું છે. જેને લઈને રાજ્યના 33 જિલ્લામાં વિવિધ ઐતિહાસિક સ્મારકો પર સાંસ્કૃતિક કાર્યક્રમ, દીપોત્સવ, રંગોળી અને રોશની કરીને ઉજવણી કરાઈ.

ગઈકાલે જામનગર નું પુરાતત્વીય સંગ્રહાલય એક હજાર દીવડાઓ , રંગોળી તથા રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું. જૂનાગઢના ઉપરકોટના કિલ્લામાં પણ વિવિધ

શાળાના બાળકોએ  રંગોળી  બનાવી અને દીપ પ્રજ્વલિત કરી આ સિદ્ધિના વધામણા કર્યા હતા.

પાટણની રાણીની વાવ ખાતે દિવડા પ્રગટાવી દીપોત્સવ મનાવાયો હતો.

---

## SPECIAL TRAIN

મુસાફરોની માંગ અને તેમની સુવિધાને ધ્યાનમાં રાખીને રેલ પ્રશાસન દ્વારા ટ્રેન ઑન ડિમાન્ડ અંતર્ગત આજે સાબરમતી અને નવી દિલ્હી વચ્ચે વિશેષ ભાડા પર આરક્ષિત વિશેષ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ટ્રેન આજે સાંજે સાત   વાગ્યે સાબરમતીથી પ્રસ્થાન કરશે અને બીજા દિવસે બપોરે એક વાગીને **40** મિનીટે નવી દિલ્હી પહોંચશે.

---